Registration No.: REFER-T-LC/137/2006
Filing No.: REFER-T-LC/137/2006
Filed On: 03/01/2006
Registered On : 03/01/2006

**આંક : ૨૨**

**અમદાવાદની લેબર કોર્ટ નં.૬ના પ્રમુખ અધિકારી ટી. સી. પટેલ સમક્ષ**

**રેફરન્સ (એલ.સી.એ) નં .૧૩૭ / ૨૦૦૬**

પ્રથમ પક્ષકાર : ગોલ્ડ સ્ટાર સ્ટ્રીપ્સ (ગુજ) પ્રા.લી.,
૩૫૬, ગુજરાત વેપારી મહામંડળ,
ઓઢવ, અમદાવાદ–૧૫

વિરુધ્ધ

બીજા પક્ષકાર : (૧) (શ્રી રમણજી સોમાજી) મૈયતના વારસ
કોદરબેન રમણજી.
(૨) શ્રી ગાંડાજી લાલજી,
(૩) શ્રી વનરાજ બબાજી,
(૪) શ્રી ભલાજી જેહાજી,
(૫) શ્રી અંબાલાલ ભેમાજી,
(૬) શ્રી જીતુભાઈ છગનભાઈ,
(૭) શ્રી બળવંતજી બાળાજી,
(૮) શ્રી રઈજીભાઈ પુંજાભાઈ,
(૯) શ્રી ધુળાજી ભલાજી
(૧૦)શ્રી પોપટજી લલાજી
રહે.મુ.ખોડી, પોષ્ટ–વડોદ,
જી.અમદાવાદ

**વિષયઃ–<u>ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૧૦(૧) સી મુજબ ઔદ્યોગિક વિવાદ.</u>**

<u>હાજર રહયા :</u>

પ્રથમ પક્ષકાર તરફે : શ્રી એન.એમ.પટેલ

બીજા પક્ષકાર તરફે : શ્રી એસ.કે.કાઝી

## –:: એવોર્ડ ::–

**(૧)** મદદનીશ લેબર કમીશનરશ્રી, અમદાવાદે તેમના તા.૨૨–૧૨–૨૦૦૫ ના હુકમ નં.આઈ.ડી.આર.૫૦૯ થી ૫૧૮/૦૫ થી સદરહું રેફરન્સ ન્યાય નિર્ણય અર્થે લેબર કોર્ટ અમદાવાદને સુપ્રત કરેલ છે.

## –:અનુસૂચિ :–

(૧) શ્રી રમણભાઈ સોમાજી, (૨) શ્રી ગાંડાજી લાલજી, (૩) શ્રી વનરાજ બબાજી, (૪) શ્રી ભલાજી જેહાજી, (૫)શ્રી અંબાલાલ ભેમાજી, (૬) શ્રી જીતુભાઈ છગનભાઈ, (૭) શ્રી બળવંતજી બાળાજી, (૮) શ્રી રઈજીભાઈ પુંજાભાઈ, (૯) શ્રી ધુળાજી ભલાજી, (૧૦) શ્રી પોપટજી લલાજી વિગેરેને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સાથે મુળ જગાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

**(૨)** બીજા પક્ષકારો તરફે આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં સંપૂર્ણ વફાદારીપૂર્વક અને ખંતીત રીતે કરેલ. બીજા પક્ષકારોએ પરિશિષ્ટ મુજબના વર્ષ તથા પગારથી તેમની ફરજો બજાવતા હતાં. બીજા પક્ષકારોએ નોકરી દરમ્યાન કોઈપણ જાતનો ગુનો કે ગેરવર્તણુંક કરેલ નથી. બીજા પક્ષકારો કાયમી કામદાર છે.

બીજા પક્ષકાર કામદારને પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી પગાર સિવાય બીજા કોઈપણ હકક, લાભ આપતા ન હતાં. જેથી બીજા પક્ષકારોએ કાયદેસરના હકકોની માંગણી કરતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારોને કોઈપણ જાતની નોટીસ કે નોટીસ

પગાર કે બેકારી વળતર તેમજ અન્ય કાયદેસરના હકકોનું વળતર ચુકવ્યા વગર તા.૨૫–૯–૦૫ ના રોજથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ છે. આમ અમો બીજા પક્ષકારને કોઈપણ જાતની ખાતાકીય તપાસ કર્યા વગર કે બચાવની તક આપ્યા વગર તેમજ કાયદેસરની વીધી કર્યા વગર માત્ર મૌખિક હુકમથી છુટા કરી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ છે.

બીજા પક્ષકારોને છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકારને પુનઃસ્થાપિત થવા માટે ડીમાન્ડ નોટીસ આપેલ, જે પ્રથમ પક્ષકારને મળવા છતાં સંસ્થા તરફથી કોઈપણ જવાબ ન મળતા તેમજ બીજા પક્ષકારોને પુનઃસ્થાપિત ન કરતાં બીજા પક્ષકારોએ મે.મદદનીશ મજુર કમીશ્નર સાહેબ સમક્ષ પુનઃ સ્થાપિતની ફરીયાદ લખાવેલ, ત્યાં પણ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારોને કામે ન રાખતા આ રેફરન્સ આપ સાહેબને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે.

પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કર્યા બાદ બીજા પક્ષકારે નોકરી મેળવવા બીજા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ બીજા પક્ષકારોને નોકરી કે કોઈ કામ મળેલ નહીં અને હાલ બીજા પક્ષકારો બેકાર છે.

પ્રથમ પક્ષકાર સંસ્થા જો અમો બીજા પક્ષકારોને કામ પર રાખે તો જવા તૈયાર છીએ.

વધુમાં બીજા પક્ષકારોએ દાદ માંગેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને કોઈપણ જાતનો કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે નોકરીમાંથી છુટા કરેલ છે તેવું ઠરાવો. બીજા પક્ષકારને પડેલા દિવસોના પુરા પગાર સહીત તથા આનુસાંગીક લાભો સહીત બીજા પક્ષકારોને મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરે તેવો પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવા અરજ કરેલ છે. તથા અરજીના ખર્ચની માંગણી કરેલ છે.

માંગણાના નિવેદનની સાથે પરિશિષ્ટ–'અ' રજુ કરેલ છે.

(૩) પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારોના માંગણાના નિવેદનનો જવાબ આંક–૭ થી રજુ કરેલ છે. જેમાં બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને સત્ય હકીકતમાં જણાવેલ છે કે, "આ કામના બીજા પક્ષકાર કામદારો શ્રી રમણજી સોમાજી, શ્રી ગાંડાજી લાલજી તથા શ્રી રઈજીભાઈ પુંજાભાઈ નામના કામદારોએ અમો પ્રથમ પક્ષકારની સંસ્થામાં કેજયુઅલ કામદાર તરીકે તેમની ફરજો બજાવેલ છે. પરંતુ તેઓએ પ્રથમ પક્ષકારની સંસ્થામાં ૨૪૦ દિવસથી વધારે દિવસોએ કામ કરેલ નથી અને તેથી તેઓ પ્રથમ પક્ષકારની સંસ્થામાં ભરપગાર નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર બનતા નથી.

ઉપર જણાવેલ ત્રણ કામદારો તા.૨૫–૯–૨૦૦૫ ના રોજથી સ્વેચ્છાએ તેમની ફરજ ઉપર આવતા બંધ થઈ ગયેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને ફરજ ઉપર હાજર થવા રોકેલ નથી કે ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ નથી. ઉપર જણાવેલ ત્રણે કામદાર ભાઈઓને પ્રથમ પક્ષકાર આજે પણ તેઓને તેમની ફરજ ઉપર રાખવા તૈયાર છે અને હતાં.

આ કામના નીચે જણાવેલ ત્રણ કામદારો જેવા કે શ્રી રમણજી સોમાજી, શ્રી ગાંડાજી લાલજી તથા રઈજીભાઈ પુંજાભાઈ સિવાયના અન્ય કામદારો જેવા કે શ્રી વનરાજ બબાજી, શ્રી ભલાજી જેહાજી, શ્રી અંબાલાલ ભેમાજી, શ્રી જીતુભાઈ છગનભાઈ, શ્રી બળવંતજી બાળાજી, શ્રી ધુળાજી ભલાજી અને શ્રી પોપટજી કલાજી અમો પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદારો નથી અને તેઓ તમામ સાથે કામદાર અને માલિકના સંબંધો અસ્તિત્વમાં હતા નહીં કે છે નહીં અને તેવા કારણસર તેઓનો આ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને તે રદ થવાને પાત્ર છે.

સદર રેફરન્સના કુલ ૧૦(દશ) કામદારો પૈકી ત્રણ કામદારોને પ્રથમ પક્ષકાર સંસ્થાએ છુટા કરેલ ન હોઈ અને તેઓને આજે પણ તેમની ફરજ ઉપર પ્રથમ પક્ષકાર સંસ્થા ફરજ ઉપર રાખવા તૈયાર હોઈ તેઓનો આ રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને રદ થવાને પાત્ર છે તેવું ઠરાવવા અમો પ્રથમ પક્ષકારની નામદાર અદાલતને નમ્ર અરજ છે.

રેફરન્સના કુલ ૧૦ (દશ) કામદારો પૈકી પેરા.૪ માં( શ્રી વનરાજ બબાજી, શ્રી ભલાજી જેહાજી, શ્રી અંબાલાલ ભેમાજી, શ્રી જીતુભાઈ છગનભાઈ, શ્રી બળવંતજી બાળાજી, શ્રી ધુળાજી ભલાજી અને શ્રી પોપટજી કલાજી) જણાવેલ કામદારો અને માલિક વચ્ચે કામદાર અને માલિકના સંબંધો અસ્તિત્વમાં ન હોઈ તેઓનો આ રેફરન્સ રદ થવાને પાત્ર છે તેવું ઠરાવવા અમો પ્રથમ પક્ષકારની આપ નામાદર અદાલતને નમ્ર અરજ છે.

**(૪)** રેફરન્સની સુનાવણી ચાલતા દરમ્યાન બીજા પક્ષકારો પૈકી કામદાર રમણજી સોમાજીનું અવસાન થતાં તેઓના વારસ તરીકે તેમના વિધવા પત્ની કોદરબેન રમણજીને આ કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે.

**(૫)** બીજા પક્ષકાર પૈકી રમણજી સોમાજીએ આંક–૮ થી મૌખિક પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. તેમની સંસ્થા તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

બીજા પક્ષકાર કામદાર ગાંડાજી લાલાજીએ આંક–૯ થી મૌખિક પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. આંક–૧૦ થી કામદાર રઈજીભાઈ પુંજાભાઈએ મૌખિક પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. તથા કામદાર વનરાજભાઈ બબાજીએ આંક–૧૧ થી મૌખિક પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. આ ત્રણેય કામદારોની ઉલટતપાસ સંસ્થા તરફે હાજર રહી કરવામાં આવેલ નથી.

આ ચારેય કામદારો સિવાય બાકીના કામદારો તરફે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં કોઈ સાક્ષી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

બીજા પક્ષકારો તરફે આંક–૧૮થી કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે.

**(૬)** સંસ્થા તરફે સાક્ષી પુરાવા માટે કોઈ હાજર ન રહેતા સંસ્થાનો સાક્ષી પુરાવાનો હકક આંક–૧૯ ની અરજી ઉપર હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

**(૭)** બીજા પક્ષકાર તરફે તેમના વિધ્વાન પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૮)** સંસ્થા તરફે દલીલો માટે કોઈ હાજર ન રહેતા સંસ્થાની દલીલનો હકક આંક–૨૧ ની અરજી નીચે હુકમ કરીને બંધ કરવામાં આવેલ છે.

**(૯)** આ કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું બીજા પક્ષકારો પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૫–૯–૨૦૦૫ ના રોજ ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ભંગ કરી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે?

(૨) શું બીજા પક્ષકારો તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર તેમજ આનુસાંગીક લાભો સાથે સળંગ નોકરી ગણી નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપીત થવા હકકદાર છે?

(૩) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે જણાવ્યા મુજબ છે.

(૧) અંશતઃ હકારમાં.

(૨) અંશતઃ હકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**(૧૧)** ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**મુદા નં.૧ :–**

**(૧૨)** બીજા પક્ષકારો તરફે મુખ્યત્વે એવી દલીલ છે કે બીજા પક્ષકાર કામદારો પરિશિષ્ટમાં જણાવેલ વર્ષ, પગાર તથા હોદ્દાથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતાં. સંસ્થા તરફથી બીજા પક્ષકારોને પગાર સીવાય કોઈ હકક લાભ આપવામાં આવતા ન

હતાં. જેથી બીજા પક્ષકારોએ હકકોની માંગણી કરતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને કોઈ પણ જાતની નોટીસ, નોટીસ પગાર કે બેકારી વળતર ચુકવ્યા વગર તા.૨૫–૯–૦૫ ના રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકાર સંસ્થાઓમાં પરિશિષ્ટમાં જણાવેલ નોકરીના વર્ષો મુજબ કામગીરી કરેલ છે અને દરેક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ છે, તેમ છતાં સંસ્થાએ તેઓને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. બીજા પક્ષકારો પૈકી રમણજી સોમાજી, ગાંડાજી લાલાજી, રઈજીભાઈ પુંજાભાઈ, વનરાજભાઈ બબાજીએ કેસની હકકીતોને સોગંદનામાથી સમર્થન આપેલ છે. જેથી બીજા પક્ષકારોનો રેફરન્સ મંજુર કરવા વિનંતી કરેલ છે.

સદર કેસનું રેકર્ડ જોતાં મદદનીશ લેબર કમીશ્નરશ્રી, અમદાવાદ તરફથી કુલ ૧૦ કામદારોના રેફરન્સ ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે. તે પૈકી કામદાર રમણજી સોમાજી, ગાંડાજી લાલાજી, રઈજીભાઈ પુંજાભાઈ તથા વનરાજભાઈ બબાજીએ તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં જુબાની આપેલ છે. બાકીના કામદારો તરફે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં કોઈ જુબાની આપવામાં આવેલ નથી કે કોઈ સાક્ષી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. એટલે કે સદરહું ચાર કામદારો સિવાયના બાકીના કામદારો તેમના માંગણાના નિવેદનની હકીકતો યોગ્ય સાક્ષી પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે, જેથી તેઓ માંગણાના નિવેદનમાં માંગેલ દાદ મેળવવા હકકદાર બનતા નથી એવું અત્રેની કોર્ટનું માનવું છે.

બીજા પક્ષકારો પૈકી રઈજીભાઈ પુંજાભાઈ, વનરાજભાઈ બબાજી તથા ગાંડાજી લાલાજીએ તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં મૌખિક પુરાવાનું એફીડેવીટ રજુ કરેલ છે. સંસ્થા તરફે તેમની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. એટલે કે કામદારોએ રજુ કરેલ એફીડેવીટ બીન પડકારાયેલ રહેલ છે, જેથી તે નહી માનવાને કોઈ કારણ નથી.

બીજા પક્ષકારો પૈકી રમણજી સોમાજીએ આંક–૮ થી મૌખિક પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં દસ વર્ષથી ફરજ બજાવતા હોવાનું અને

તા.૨૫–૯–૨૦૦૫ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની હકીકત જણાવેલ છે. આ કામદારની સંસ્થા તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે વંચાણે લેતા સદર કામદારે, સંસ્થામાં કામદાર તરીકે કામ કરેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે તથા ભરતભાઈએ તેઓને નોકરીમાંથી છુટા કરેલ હોવાની હકીકતને પણ સમર્થન આપેલ છે તથા સંસ્થામાં ૨૦૦ દિવસ કરતાં વધારે દિવસો કામ કરેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે.

સંસ્થાએ તેમના જવાબમાં રમણજી સોમાજી, ગાંડાજી લાલાજી તથા રઈજીભાઈ પુંજાભાઈ કેજયુઅલ કામદારો તરીકે ફરજ બજાવતા હોવાનું જણાવેલ છે. પરંતુ તે બાબતના સંસ્થાએ કોઈ પુરાવા રજુ કરી પુરવાર કરેલ નથી. જયારે સદર કામદારો તેમના માંગણાના નિવેદનની હકીકતોને સોગંદનામાથી પુરવાર કરેલ છે.

સંસ્થાએ તેમના જવાબમાં કામદારો તા.૨૫–૯–૦૫ ના રોજથી સ્વેચ્છાએ ફરજ ઉપર આવતા બંધ થઈ ગયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ જો કામદારો સ્વેચ્છાએ ફરજ ઉપર આવતા બંધ થઈ ગયેલા હોય તો તેઓને કામ ઉપર હાજર થવા માટે પત્ર લખવા જોઈએ, તેવા કોઈ પત્ર સંસ્થાએ લખેલ નથી.

વધુમાં બીજા પક્ષકારોએ તેમના સોગંદનામામાં સંસ્થા કામે રાખે તો કામ ઉપર જવા તૈયાર છીએ તેવું જણાવેલ છે. તેમ છતાં સંસ્થા તરફે તે બાબતે કામદારોને કામ ઉપર રાખવા કોઈ તૈયારી બતાવેલ નથી, તેથી પણ સંસ્થાએ સદર કામદારોને નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલ હોવાની હકીકતને સમર્થન મળે છે.

સદરહું કામદારોને ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનો ભંગ કરીને છુટા કરેલ છે કે કેમ? તે અંગે જોઈએ તો સદરહું કામદારો પૈકી રમણજી સોમાજીએ દસ વર્ષથી હેલ્પરના હોદ્દા ઉપર, ગાંડાજી લાલાજીએ દસ વર્ષથી કારીગરના હોદ્દા ઉપર, વનરાજ બબાજીએ આઠ વર્ષથી હેલ્પરના હોદ્દા ઉપર તથા રઈજીભાઈ પુંજાભાઈ દસ વર્ષથી હેલ્પરના હોદ્દા ઉપર ફરજ બજાવતા હોવાની હકીકતને સમર્થન આપેલ છે, તે સંજોગોમાં બીજા પક્ષકાર ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫(એફ) નું રક્ષણ મેળવવા હકકદાર થાય છે. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫(એફ) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ કોઈ

માલીક હેઠળ ઓછામાં ઓછા એક વર્ષની અખંડ નોકરી હોય અને એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલ કામદારની છટણી કરતા પહેલા એક મહીનાની નોટીસ, નોટીસ પગાર તથા દરેક વર્ષના ૧૫ દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપ્યા સિવાય કામદારને છુટા કરવામાં આવે તો તે છટણી ગણાય.

હાલના કેસમાં સદરહું ઉપરોકત ચાર કામદારો ઘણા વર્ષથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હતાં, તેમ છતાં તેઓને છુટા કરતી વખતે પ્રથમ પક્ષકાર સંસ્થાએ નોટીસ કે નોટીસ પગાર કે કોઈપણ જાતના કાયદેસરના હકકો કે છટણી વળતર ચુકવી આપેલ નથી, કે કોઈપણ જાતની ખાતાકીય તપાસ કરેલ નથી, કે તેઓને છુટા કરતા પહેલા કોઈ રજુઆત કરવાની તક આપવામાં આવેલ નથી. આમ, રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં એ હકીકત સ્પષ્ટપણે સાબીત થાય છે કે, સંસ્થાએ સદરહું ચાર કામદારોને નોકરીમાંથી છુટા કરતી વખતે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનું પાલન કરેલ નથી, જેથી સદરહું ચાર કામદારોને નોકરીમાંથી છુટા કરવાનું સંસ્થાનું કૃત્ય ગેરકાયદેસર છે તેવું ઠરાવવામાં આવે છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવવામાં આવે છે.

**(૧૩) મુદ્દા નં.૨ :–**

સદરહું ચાર કામદારો પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા આનુષાંગિક લાભો સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે કે કેમ? તે અંગે જોઈએ તો સંસ્થા તરફે એવી કોઈ રજુઆત નથી કે સંસ્થા હાલમાં બંધ છે. વધુમાં સંસ્થા તરફે સદરહું બીજા પક્ષકારો જે કામગીરી કરતા હતાં, તે હાલમાં ચાલુ નથી તેવી પણ કોઈ રજુઆત નથી. તેથી સદરહું બીજા પક્ષકારો નોકરીમાં પુનઃસ્થાપિત થવા હકકદાર થાય છે.

પરંતુ આ કામે બીજા પક્ષકારો પૈકી રમણજી સોમાજીનું રેફરન્સની સુનાવણી ચાલતા દરમ્યાન અવસાન થયેલ છે, જેથી તેઓને પુનઃસ્થાપીત કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સદરહું બીજા પક્ષકારો પડેલા દિવસોના પગાર મેળવવા હકકદાર થાય છે કે કેમ? તે

અંગે જોઈએ તો બીજા પક્ષકારો તેમની જુબાનીમાં નોકરીમાંથી છુટા કર્યા પછી તેઓએ ઘણી જગ્યાએ નોકરી માટે પ્રયત્નો કરેલ, પરંતુ નોકરી મળેલ ન હોવાનું અને હાલમાં તેઓ બેકાર હોવાનું જણાવેલ છે. સંસ્થા તરફથી એવા કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી કે સદરહું બીજા પક્ષકારોએ અન્ય રીતે ગેઈનફુલ એમ્પ્લોયમેન્ટ કરેલ છે.

પરંતુ, રેફરન્સની સુનાવણી ચાલતા દરમ્યાન જે સમયગાળો પસાર થયેલ છે તે સમય દરમ્યાન તેઓએ કુટુંબની આજીવીકા માટે કંઈક અંશે આર્થિક ઉપાર્જન કરેલ હોવાનું નહીં માનવાને કોઈ કારણ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં સદરહું બીજા પક્ષકારો પૈકી મૈયત રમણજી સોમાજીને છુટા કર્યા તારીખથી તેઓ મરણ ગયા તા. ૨–૧૧–૦૯ સુધીના પડેલા દિવસોના ૫૦% પગાર તથા સળંગ નોકરી ગણી આનુષાંગીક લાભો તેમની વિધવા પત્નીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. જયારે બાકીના ત્રણ કામદારોને છુટા કર્યા તારીખથી નોકરીમાં પુનઃ સ્થાપિત કરવામાં આવે ત્યાં સુધીના પડેલા દિવસોના ૫૦% પગાર તથા આનુષાંગીક તમામ લાભો સાથે સળંગ નોકરી ગણી મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયી અને વ્યાજબી ગણાશે એવું અત્રેની કોર્ટનું માનવું છે, જેથી મુદ્દા નં.૨ નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવવામાં આવે છે.

**(૧૪)** આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા પડેલ પુરાવો ધ્યાને લેતાં મુદ્દા નં.૩ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– હુ ક મ ::–**

**(1)** બીજા પક્ષકારો પૈકી (૧) શ્રી ભલાજી જેહાજી, (૨)શ્રી અંબાલાલ ભેમાજી, (૩) શ્રી જીતુભાઈ છગનભાઈ, (૪) શ્રી બળવંતજી બાળાજી, (૫) શ્રી ધુળાજી ભલાજી તથા (૧૦) શ્રી પોપટજી લલાજીનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

**(2)** બીજા પક્ષકારો પૈકી (૧) રમણજી સોમાજી, (૨) ગાંડાજી લાલાજી, (૩) વનરાજભાઈ બબાજી, (૪) રઈજીભાઈ પુંજાભાઈનો રેફરન્સ અંશતઃ મંજુર

કરવામાં આવે છે.

**(3)** બીજા પક્ષકારો પૈકી મૈયત રમણજી સોમાજીને છુટા કર્યા તારીખથી તેઓ મરણ ગયા તારીખ (૨–૧૧–૨૦૦૯) સુધીના પડેલા દિવસોના ૫૦% પગાર તથા સળંગ નોકરી ગણી આનુષાંગીક લાભો, તેમની વિધવા પત્ની કોદરબેન રમણજીને, આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં પ્રથમ પક્ષકારે ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

**(4)** બીજા પક્ષકાર (૧) ગાંડાજી લાલાજી, (૨) વનરાજભાઈ બબાજી, (૩) રઈજીભાઈ પુંજાભાઈને આ એવોર્ડ પ્રસિધ્ધ થયાથી દિન–૩૦ માં તેઓની મુળ જગ્યાએ સળંગ નોકરી ગણી પડેલા દિવસોના ૫૦% પગાર તેમજ આનુષાંગિક લાભો સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે.

**(5)** આ રેફરન્સ પ્રથમ પક્ષકાર સંસ્થાની કસુરના કારણે બીજા પક્ષકારોને કરવો પડેલ હોઈ, તેના ખર્ચ પેટે પ્રથમ પક્ષકારે, બીજા પક્ષકાર (૧) રમણજી સોમાજીની વિધવા પત્ની કોદરબેન રમણજી તથા (૨) ગાંડાજી લાલાજી, (૩) વનરાજભાઈ બબાજી, (૪) રઈજીભાઈ પુંજાભાઈને પ્રત્યેકને રૂા.૭૫૦/– અંકે રૂપિયા સાતસો પચાસ ચુકવી આપવા.

અમદાવાદ.
તા. ૧૯/૧૧/૨૦૧૩

(તૃપ્તિ ચીનુભાઈ પટેલ)
GJ00697
પ્રમુખ અધિકારી,
લેબર કોર્ટ નં.૬, અમદાવાદ